**DATE: 01/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### આરોપી ચાર મહિનાથી પોલીસથી બચવા સારણ ગામે સંતાયો હતો

# LCB એ આમોદના અપહરણ કેસમાં વધુ 1 આરોપીને દબોચ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના દરબાર ગઢ ખાતે રહેતી ભીખી રાવજી ડાભીએ ગત જૂલાઇ મહિનામાં આમોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, 29મી જૂનની રાત્રીએ તેનો પુત્ર ટીનો રાત્રે તેમના ઘરમાં સુઇ રહ્યો હતો. તે વેળાં આછોદ ગામનો ઈમરાન ઈકબાલ પઠાણ તેમજ અન્ય બે શખ્સો ઈકો કારમાં તેના ઘરે આવ્યાં હતાં. અને ટીના વિશે પુછપરછ કરી હતી. આવેલાં બે શખ્સો પૈકી એક જણાએ પોતાનું નામ મહેશ પરમાર હોવાનું તેમજ તે વેડચ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હોવાનું જણાવી ટીનાને બળજબરીપુર્વક ઈકો કારમાં અપહરણ કરી ગયાં હતાં.

પોલીસે મામલામાં અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જે પૈકીનો પોલીસ હોવાનો રોફ બતાવનાર મહેશ પરમાર વડોદરાના વડુ પોલીસ સ્ટેશનમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવતો હોવાનું માલુમ પડ્યું હતું. આરોપીઓની પુછપરછમાં માલુમ પડ્યું હતું કે, ટીનાએ તેમનો મોબાઈલ ચોરી કર્યો હોવાની આશંકાએ તેઓએ તેનું અપહરણ કરી તેને માર માર્યો હતો. કારસામાં તેમને આછોદ ગામ પાણીની ટાંકી પાસે રહેતાં હનિફ નિઝામ પઠાણની પણ સંડોવણી હોવાનું તપાસમાં ખુલ્યું હતું. છેલ્લા ચારેક મહિનાથી તે વોન્ટેડ હતો. દરમિયાનમાં ભરૂચ એલસીબીના પી. એમ. વાળા તેમજ હેકો ઈરફાન, સંજ, શ્રીપાલસિંહ, અશોકકુમાર સહિતનાની ટીમને પેટ્રોલિંગ વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, હનીફ પઠાણ વાગરાના સારણ ગામે સંતાયો છે. જેના પગલે ટીમે સારણ ગામે પહોંચી તેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 01/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### ભરૂચના જ્યોતિનગર પાસે દારૂ આપી જનાર બૂટલેગર વોન્ટેડ જાહેર

# મોપેડની ડિકીમાં વિદેશીદારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના જ્યોતિનગર ટર્નિંગ પાસેથી પસાર થતાં એક યુવાનની મોપેડની ડેકીમાંથી પોલીસે વિદેશીદારૂની બોટલો ઝડપી પાડી હતી. પ્રાથમિક પુછપરછમાં તેને જ્યોતિનગર પાસે એક શખ્સે આવી તેને દારૂની બોટલો આપી હોવાની કબુલાત કરતાં પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમ રાત્રીના સમયે પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેઓ જ્યોતિનગર પાસે આવેલાં શૌચાલય નજીક વોચમાં હતાં. તે વેળાં એક મોપેડ ત્યાં આવતાં તેમણે તેને રોકી પુછપરછ કરતાં તેનું નામ કિર્તેસિંહ નરેન્દ્રસિંહ ગોહિલ હોવાનું તેમજ તે વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતો હોવાની કબુલાત કરી હતી. પોલીસે પુછપરછ દરમિયાનમાં તેની એક્ટિવાની ડેકી ખોલીને જોતાં તેમાં વિદેશીદારૂની બોટલો મળી આવી હતી. જે અંગે પોલીસે તેની પુછપરછ કરતાં તેણ જણાવ્યું હતું કે, તેની પાસેના એક મોબાઇલ નંબર ધારકે તેને જ્યોતિનગર સોસાયટી પાસે બોલાવી તેને વિદેશીદારૂની બોટલો આપી ગયો હતો. જેના પગલે પોલીસે બન્ને વિરૂદ્ધ સી ડિવિઝનમાં ફરિયાદ નોંધી મોબાઇલ નંબર ધારકને શોધવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 02/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

# સોફ્ટવેરમાં એન્ટ્રી કરવામાં આળસ દાખવી અંકલેશ્વરના હોટલ સંચાલક સામે પોલીસ ફરિયાદ દાખલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની ઓસ્કાર હોટલ સામે જાહેરનામાનો ભંગ બદલ ગુનો દાખલ કર્યો હતો. ગેસ્ટ હાઉસ પોથી સોફ્ટવેર ઈન્સ્ટોલના કરી ઓનલાઈન એન્ટ્રીના કરતા એસ.ઓ.જી પોલીસે તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

ભરૂચ એસ.ઓ.જી ની ટીમ દ્વારા પોલીસ એ.ટી.એસ. ચાર્ટડ અંતર્ગત હોટલ પર ચેકિંગ પ્રક્રિયા હાલ જિલ્લા ભર માં કરી રહી છે. જે અંતર્ગત અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર કાપોદ્રા ગામ ની સીમ માં હાઈવે ને અડી ને આવેલ ઓસ્કાર હોટલ ખાતે સર્ચ કરતા ગેસ્ટ હાઉસ માં પોથી સોફ્ટવેર ઈન્સ્ટોલ ના કર્યું હોવાનું સામે આવ્યું હતું. તેમજ ગેસ્ટ હાઉસ માં રોકાતા લોકો જરૂરી રજીસ્ટર મુજબ ઓનલાઈન એન્ટ્રી પણ કરવામાં આવતી ના હતી. એસ.ઓ. જી પી.એસ.આઈ એ.વી. શિયાળીયા એ ઓસ્કર હોટલ ના ગેસ્ટ હાઉસ સંચાલક હિફ્ઝુ રહેમાન ઈસ્માઈલ સુરસણા સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે.

**DATE: 02/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

# અવિધામાં આંકડાનો જુગાર રમાડનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

અવિધા ગામે કોઠી ફળીયામાં રહેતો દિનેશ વસાવા ઘરની પાછળ વાડામાં કેટલાક ઈસમોને બેસાડીને આંક ફરકના આંકડાનો જુગાર રમાડે છે. એલસીબીએ પોલીસે બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા કેટલાક ઈસમો કંઈક લખતા લખાવતા જણાયા હતા. પોલીસને જોઈને આંકડા લખાવનાર નાશી ગયા હતા જ્યારે આંકડા લખનાર ઈસમ દિનેશ વસાવા ઝડપાય ગયો હતાં.

**DATE: 03/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### ભરૂચ એલસીબીની ટીમને જોઈ એક ફરાર: 95 હજારનો મુદ્દામાલ જપ્ત

# વેજલપુરના દશામા મંદિર પાસે જુગાર રમતાં 4 જણાં ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલાં દશામાના મંદીર પાસે જાહેરમાં જુગાર રમતાં 4 જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે એક ટીમને ચકમો આપી નાસી છુટ્યો હતો. પોલીસે જુગારિયાઓ પાસેથી અંગ ઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રોકડા 88 હજાર મળી કુલ 95 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુર વિસ્તારમાં આવેલાં દશામા મંદિર પાસે કેટલાંક શખસોએ સ્ટ્રીટ લાઈટ નીચે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમને જોઈજુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે તે પૈકીના નિલશ વિનોદ મિસ્ત્રી (હાલ રહે. પારસીવાડ, વેજલપુર, મુળ રહે. પુષ્પધન બંગ્લોઝ), નરેન્દ્ર ઉર્ફે કાલુ મહેશ વસાવા (રહે. રેલવે કોલોની) , સંતોષ ઉર્ફે જયેશ જયંતી મિસ્ત્રી ( રહે. વેજલપુર પારસીવાડ) તેમજ અમિત હેમંત શાહ (રહે. લલ્લુભાઈ ચકલા) નામના ચાર જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે વેજલપુર વિસ્તારનો ગુલ્લુ નામનો સાગરિત નાસી છુટ્યો હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે જુગારિયાઓ પાસેથી અંગ ઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રોકડા 88 હજાર મળી કુલ 95 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**DATE: 03/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### શુક્રવારથી જાત્રાનો પ્રારંભ : મોરબીની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તંત્ર સજ્જ

# શુક્લતીર્થમાં ક્ષમતાથી વધુ પ્રવાસીઓ નહીં બેસાડવા હોડી સંચાલકોને આદેશ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના શુક્લતીર્થ ગામે આવેલાં કાર્તકી પુર્ણિમાનો અતિપૌરાણિક પાંચ દિવસનો મેળો યોજાય છે. જોકે, કોરોનાકાળના બે વર્ષમાં મેળો યોજાયો ન હોઇ આ વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મેળામાં મહાલવા માટે ઉમટી પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાનમાં હાલમાં જ મોરબી ખાતે બનેલી કરૂણાંતિકાને લઈને ભરૂચ વહિવટી તંત્ર-પોલીસ તંત્ર પણ સતર્ક બન્યું છે.

ભરૂચ એસપી ડૉ. લીના પાટીલે તેમના અધિકારીઓ તેમજ સ્ટાફ સાથે શુકલતીર્થ જાત્રાની સ્થળ મુલાકાત લીધી હતી. મેળામાં કોઈ પણ પ્રકારની અનિચ્છનિય ઘટના ન બને તે માટેની તકેદારી રાખવા સાથે મેળા સંચાલકો, હોડીઘાટ સંચાલક અને મેળામાં વિવિધ પ્રકારની રાઈડ્સ શરૂ કરનારાઓને વિવિધ સુચનાઓ આપી હતી. જેમાં તેમણે હોડીઘાટના ઇજારદારને ખાસ તાકીદ કરી હતી કે, મેળા દરમિયાન હોડીમાં નિયત સંખ્યામાં જ શ્રદ્ધાળુઓને બેસાડવાના રહેશે. 15થી વધુ બોટ રાખવા સાથે શ્રદ્ધાળુઓની સંખ્યા વધે તો બોટની સંખ્યામાં પણ વધારો કરવા સુચના અપાઈ હતી. ઝાડેશ્વરથી શુકલતીર્થ દરમિયાન યાત્રાના રૂટ અને મેળામાં રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, તરવૈયાની ટીમ, આરોગ્યની ટીમ, ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસ જવાનો સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

ભરૂચ એસપી દ્વારા શુક્લતીર્થ મેળાના સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તે વેળાં મેળામાં વિવિધ પ્રકારની ચકડોળ સહિતની રાઇડ્સ પણ શરૂ થવાની હોઇ તેના સંચાલકોને સ્પષ્ટપણે જણાવી દેવાયું હતું કે, દરેક રાઇડ્સનું ફિટનેશ સર્ટીફિકેટ લેવું ફરજિયાત રહેશે. જો, પોલીસની તપાસમાં સંચાલક પાસે ફિટનેસ સર્ટી નહીં હોય તો તેની સામે કાર્યવાહી કરાશે.



### ભરૂચ એસટી વિભાગે મેળામાં 30 બસ ફાળવી

એસટી નિયામક વી. એચ. શર્માએ જણાવ્યું હતું કે, શુક્લતીર્થના મેળા માટે 30 બસોની ફાળવણી કરાઇ છે. જોકે, 20 બસોને સ્પેરમાં સ્ટેન્ડબાય રાખી છે. મુસાફરોની સંખ્યા પ્રમાણે બસો સતત દોડતી રહેશે. હાલમાં એસટી બસનું એક તરફનું ભાડુ અંદાજે 25 રૂપિયા જેટલું રહેશે. ભોલાવ ડેપો, શિતલ સર્કલ, ઝાડેશ્વર ચોકડી, તેમજ શુક્લતીર્થ ગામ સહિત વચ્ચે એસટી વિભાગ દ્વારા હંગામી બસ સ્ટેન્ડ ઉભા કરાશે. જ્યાંથી શ્રદ્ધાળુઓને લઇ જવાશે. આ સિવાય ઝણોર-શુક્લતીર્થ અને ઝાપડિયા શુક્લતીર્થ વચ્ચે પણ બસો દોડશે.

### પોલીસ બંદોબસ્ત

**નબીપુર પોલીસ સ્ટેશન**

| અધિકારી | સંખ્યા |
|---|---|
| પીઆઇ | 02 |
| પીએસઆઇ | 12 |
| હેકો-પોકો | 300 |
| હોમગાર્ડ | 100 |

**ઝઘડિયા પોલીસ સ્ટેશન**

| | |
|---|---|
| પીઆઇ | 01 |
| પીએસઆઇ | 03 |
| હેકો-પોકો | 60 |
| હોમગાર્ડ | 30 |
| જીઆરડી | 30 |
| એસઆરપી | 20 |

### શ્રદ્ધાળુઓને કોઇ તકલીફ ન પડે તેવું આયોજન કરાયું છે

*મેળામાં કોઈ પણ પ્રકારની અનિચ્છનિય ઘટના ન બને તે માટેના તકેદારીના પગલાં ભરવામાં આવ્યા છે. હોડીઘાટના ઇજારદારને હોડીમાં ક્ષમતા મુજબ જ મુસાફરોને બેસાડવા કડક સુચના આપી દેવાઇ છે. ઉપરાંત અવ્યવસ્થા ન થાય તે માટે બેરિકેટ્સ લગાવવ સાથે રેલીંગ પણ લગાવવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સંખ્યા વધે તો હોડીની સંખ્યા પણ વધારવા સુચના અપાઇ છે.* ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ

**DATE: 03/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### કાર સહિત 3 લાખનો મુદ્દામાલ જપ્ત : બૂટલેગરની શોધખોળ

# ઝઘડિયાના દરિયા ગામે કારમાંથી ₹ 67 હજારનો બિયર જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

રાજ્યમાં વિધાનસભાની ચુંટણી પહેલાં ભરૂચ પોલીસે બુટલેગરો સામે તવાઈ બોલાવી છે. ઝઘડીયાના દરિયા ગામેથી પોલીસે કારમાંથી 67 હજાર રૂપિયાનો બિયરનો જથ્થો ઝડપી પાડયો છે. જો કે બુટલેગર ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે ઝઘડિયાથી કડિયા ડુંગર તરફ જવાના રોડ પર દરિયા ગામની સીમમાં એક ઈકો ગાડીમાં બિયરનો જથ્થો રાખવામાં આવ્યો છે. પોલીસે બાતમીવાળી કારને શોધી તેની તલાશી લેતાં તેમાંથી બિયરના 672 નંગ ટીન મળી આવ્યાં હતાં. પોલીસે 67 હજાર રૂપિયાનો બિયર તથા કાર મળી કુલ 3.17 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરિયા ગામે રહેતાં બુટલેગર જસ્ટીન વિલ્સન વસાવાએ મંગાવ્યો હોવાનું બહાર આવતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે. ભરૂચ એસપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમ કડક હાથે કાર્યવાહી કરી રહી હોવાથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. આદિવાસી સમાજની મહત્તમ વસતી ધરાવતાં ઝઘડીયા તાલુકામાં દારૂની બદી ફુલી ફાલી હોવાથી મહિલાઓમાં ભારે રોષ જોવા મળી રહયો છે.

**DATE: 04/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

# માંડવા ગામેથી વિદેશી દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના માંડવા ગામેથી પોલીસે દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. બી ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે સમયે બાતમીના આધારે માંડવાના આહિર ફળિયામાં દરોડો પાડ્યો હતો. જેમાં અર્જુન વસાવાના ઘરમાંથી વિદેશી દારૂની 63 બોટલ મળી આવી હતી. પોલીસે 6 હજાર રૂપિયા ઉપરાંતનો દારૂનો જથ્થો કબજે કરી અર્જુન વસાવાની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 04/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### કંપનીમાંથી પાઉડરની ચોરી કરી હોવાની આશંકાએ ગુનો દાખલ

# અંકલેશ્વરના જીતાલીથી શંકાસ્પદ પાઉડર સાથે યુવાનની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં આવેલી કંપનીઓમાંથી પાવડર તેમજ કેમિકલની ચોરીના બનાવો બનતાં રહે છે તેવામાં જીતાલી ગામેથી પોલીસે શંકાસ્પદ

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન જીતાલી ગામના સુખદેવ વસાવાએ પોતાના ઘરે કાળા કલર નો કેમિકલ જેવા પાવડર કઈ કંપની માંથી ચોરી કરી સંતાડેલો



હોવાની અને તેના વેચાણ કરવાની ફિરાકમાં હોવાની બાતમી મળી હતી. એલસીબી પીઆઇ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ ટીમે મકાનમાં છાપો માર્યો હતો. તેના મકાનમાંથી કાળા રંગનો 20 કીલો પાવડરનો જથ્થો મળી આવ્યો હતો. સુખદેવ વસાવાની અટકાયત કરી તેની પુછપરછ કરવામાં આવી રહી છે. બનાવ અંગે તેના વિરૂધ્ધ અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પાનોલી જીઆઇડીસીમાંથી એમડી ડ્રગ્સ બનાવતી ફેકટરી ઝડપાય હતી અને આ ઘટના બાદ પોલીસ પણ સર્તક બની ચુકી છે.

**DATE: 04/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### માધુપુરા નવીનગરીમાં પોલીસની કાર્યવાહી

# રાજપારડીમાં જુગાર રમતાં 3 ખેલી ઝબ્બે જ્યારે 4 ફરાર

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે પોલીસે જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા, જ્યારે પોલીસને જોઈને ચાર ઈસમો નાસી ગયા હતા. મળતી વિગતો મુજબ રાજપારડી પોલીસને ટાઉન વિસ્તારમાં રાજપારડી માધુપુરા નવીનગરીની પાછળ આવેલ ઝાડીઓની ઓથમાં નીચે બેસી કેટલાક ઈસમો પૈસાથી પત્તા પાનાનો હારજીતનો જુગાર રમે છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે છાપો મારતા જુગાર રમતા ત્રણ ઈસમો રાજન વસાવા, નગીન વસાવા અને સુરેશ વસાવા રૂ.1,210 ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા,જ્યારે અન્ય ચાર ઈસમો રાહુલ , યોગેશ વસાવા, જયેશ જોગી તેમજ રોહિત વસાવા નાસી છુટયાં હતાં. રાજ્યમાં વિધાનસભાની ચુંટણીના પડઘમ વાગી ચુકયાં છે ત્યારે ભરૂચ પોલીસ પણ સર્તક બની ચુકી છે. એસપી ડૉ.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમો દારૂ તથા જુગારની બદીને નેસ્તાનાબુદ કરવા કામ કરી રહી છે. છેલ્લા ઘણા સમયથી વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબીશન તથા જુગારના કવોલીટી કેસ કરવામાં આવી રહયાં છે.

**DATE: 04/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### આમોદ તાલુકાના શ્રીકોઠી ગામ પાસે બનેલો બનાવ : તમામ આરોપી બાલાશિનોરના રહેવાસી

# સગાઇ તૂટતાં યુવતીનું અપહરણ કરનાર 5 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

મુળ મહિસાગરના બાલાસિનોર તાલુકાના રાજનપુરની વતની મિત્તલ મૌલિક પટેલ આમોદના સરભાણ ગામ રહે છે. અને શ્રીકોઠી ગામે પોસ્ટ ઓફિસમાં બીપીએમ તરીકે ફરજ બજાવે છે. તાજેતરમાં તે તેના વતને ગયાં હતાં.

જ્યાંથી પરત આવતી વેળાં તેમની ભત્રીજી ક્રિષ્ણા જગદિશ પટેલ ફરવા માટે તેમની સાથે સરભાણ આવી હતી. દરમિયાનમાં ગઇકાલે તેઓ બન્ને એક્ટિવા પર શ્રી કોઠી ગામે પોસ્ટ ઓફિસે નોકરીએ ગયાં હતાં. તેમની સાથે તેમની ભત્રીજી ક્રિષ્ણા પણ હતી. દરમિયાનમાં તેઓ બન્ને એક્ટિવા પર રોંધ ગામે ટપાલ આપવા જઇ રહ્યાં હતાં તે વેળાં રોંધ ગામના હરીજન લોકોના સ્મશાન પાસે એક અલ્ટો કારમાં તેમના ગામનો જ નયન નિતી પટેલ તેમજ તેના સાગરિતોએ આવી તેમને અટકાવી હતી. અને તેમની ભત્રીજીને તેની સાથે વાત કરવા કહેતાં તેણે જણાવ્યું હતું કે, હવે આપણી સગાઇ તુટી ગઇ છે. મારે તારી સાથે વાત નથી કરવી તેમ કહેતાં તેણે અને તેના સાગરિતોએ મિત્તલ પટેલને ધક્કો મારી એક્ટિવાની ચાવી ખુંચવી ક્રિષ્ણાને બળજબરીપુર્વકકારમાં બેસાડી અપહરણ કરી ગયાં હતાં. ઘટનાની જાણ પોલીસને થતાં ભરૂચ એલસીબી તેમજ એસઓજીની ટીમ એલર્ટ મોડમાં આવી ગઇ હતી. એલસીબી પીઆઇ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પીએમ વાળા, પીએસઆઇ આર કે ટોરાણી સહિતની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી અમદાવાદ જિલ્લાના બગીદરા નજીક અરજેણ ગામ પાસે હાઇવે પરથી 5 અપહરણકર્તાઓને ઝડપી પાડી અપહ્યુતાને બચાવી હતી. તમામ આરોપીઓને આમોદ પોલીસને સોંપતાં આમોદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### ઝડપાયેલાં આરોપીઓના નામ

નયન નિતિન પટેલ - જેઠાલી ગામ, તા. બાલાશિનોર
ધ્રુવલ નિતીન પટેલ - જેઠાલી ગામ, તા. બાલાશિનોર
રૂત્વલ રજનીકાન્ત પટેલ - જેઠાલી ગામ, તા. બાલાશિનોર
સ્મિત ઉર્ફે ચિન્ટુ નિલેશ પટેલ - સાકરિયા ગામ, તા. બાલાશિનોર
તરંગ અલ્પેશ પટેલ - સાકરિયા ગામ, તા. બાલાશિનોર

**DATE: 05/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### એકને અમરેલી, બીજાને રાજકોટ જેલમાં ધકેલાયાં

# નેત્રંગ તાલુકાના બે બૂટલેગરોને પાસામાં જેલમાં મોકલી દેવાયાં

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ



નેત્રંગ તાલુકાના કમ્બોડિયા અને મોતિયા ગામના બે કુખ્યાત બુટલેગરોની ધરપકડ કરી અમરેલી અને રાજકોટ જિલ્લા જેલમાં પાસા એક્ટ હેઠળ ધકેલી દેવામાં આવતા તાલુકામાં બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાય ગયો છે.

આગામી વિધાનસભા ચુંટણી ન્યાયિક અને શાંતીપુર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ભરૂચ જિલ્લાના અસામાજીક તત્વો અને બુટલેગરો વિરૂધ્ધમાં સખત કાર્યવાહી નેત્રંગ પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવી હતી. જેમાં પોલીસે બે કુખ્યાત બુટલેગરોની પાસાની ફાઈલ તૈયાર કરી જિલ્લા કલેક્ટરને સુપરત કરી હતી. જેને મંજૂરી મળતાં કમ્બોડિયા ગામનો કુખ્યાત બુટલેગર મહેન્દ્ર ઉર્ફે મુકેશ કેસરીમલ માલી ઉપર નેત્રંગ પોલીસ સ્ટેશનમાં 5 અને વલસાડના ડુંગરીમાં એક મળી કુલ 6 પ્રોહીબિશનના ગુન્હામાં સંડોવાયેલો હોય ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમથી પાસા હેઠળ તેને ઝડપી પાડી જિલ્લા જેલ અમરેલી ખાતે જ્યારે મોતીયા ગામના રતીલાલ રાજીયા વસાવા વિરૂદ્ધ ત્રણ પ્રોહીબિશનના ગુન્હા હોય તેની અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પોલીસ જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**DATE: 05/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

## એસપીએ નેત્રંગ તાલુકાની મુલાકાત લીધી

# અતિ સંવેદનશીલ બૂથો પર સઘન સુરક્ષા ગોઠવાશે

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

જિલ્લા પોલીસ અધિક્ષકે નેત્રંગના અલગ અલગ 3 વિસ્તારમાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથનું નિરીક્ષણ કર્યું હતું.

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલ દ્વારા નેત્રંગ તાલુકાના મતદાન મથક નું નિરીક્ષણ કર્યું હતું. નેત્રંગ ખાતે ગાંધી બજારમાં આવેલ પ્રાથમિક શાળા તેમજ કેલ્વીકુવા પ્રાથમિક શાળા તથા મૌઝા ગામની પ્રાથમિક શાળાની જિલ્લા પોલીસવડાએ મુલાકાત લીધી હતી અને મતદાન મથકનું નિરીક્ષણ કર્યું હતું જિલ્લા પોલીસવડા સાથે ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈ, નેત્રંગ પોલીસ મથકના પી.એસ.આઇ એસ.વી. ચુડાસમા તેમજ પોલીસ કર્મીઓ હાજર રહ્યા હતાં. ભરૂચ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે પહેલી ડીસેમ્બરના રોજ મતદાન થવાનું છે ત્યારે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે તેમ એસપીએ જણાવ્યું હતું.

**DATE: 06/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

# પોક્સોના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાની એક સગીરાને વાગરાના જ પાલડી ગામનો અક્ષય પરમાર ભગાડી ગયો હતો. 2021માં વાગરા પોલીસ સ્ટેશને તે અંગેની ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાનમાં ભરૂચ એલસીબીના પીએસઆઈ જે. એન. ભરવાડ તેમજ અહેકો ચંદ્રકાન્ત, હેકો અજય સહિતનાઓને બાતમી મળી હતી કે, આરોપી સગીરબાળકી સાથે વલસાડના ગોરવાડા ગામે સંતાયોછે. જેના પગલે ટીમે ત્યાં જઈ તેને ઝડપી પાડ્યો હતો.

### ભરૂચ ધોળીકુઈ બજારની ઘટના, એક ઝડપાયો

# ખંડેર મકાનમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વિધાનસભાની ચૂંટણીને લઈને ભરૂચ એસપી ડો. લીના પાટીલ દ્વારા જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ પર અંકુશ લાવવા ટીમને સૂચના આપી છે. એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ. વી. વાળા તેમની ટીમના હેકો અજય, સંજયદાન, હિતેષ તેમજ પોકો હરીશ સાથે પેટ્રોલિંગમાં હતાં. દરમિયાનમાં શહેરના ધોળીકુઈ મચ્છી માર્કેટ વિસ્તારમાં આવેલાં એક જર્જરિત મકાનમાં વિદેશીદારૂનો જથ્થો સંતાડેલો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

જ્યાં શ્યામકુમાર ઉર્ફે ખન્નો વસાવા નામનો બુટલેગર ઝડપાઈ ગયો હતો. ખંડેરમાંથી 156 બોટલો મળી આવી હતી. ટીમે દારૂ મંગાવનાર એન આપી જનાર બુટલેગર અંગે પુછપરછ કરતાં તેમના નામ સુનિલ ઉર્ફે લંકડો વસાવા તેમજ સુનિલ પાટણવાડીયા હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે કુલ 31 હજાર ઉપરાંતનો દારૂનો જથ્થો જપ્ત કરી છે.

**DATE: 06/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

## વિધાનસભાની ચૂંટણી પહેલાં રોકડ રકમ તથા દારૂની હેરાફેરી રોકવાની કવાયત શરૂ

# અંકલેશ્વરમાં સ્ટેટિક સર્વેલન્સ ટીમનું ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી પર ચૂંટણી અનુલક્ષીને સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. વાહનચાલકોને મેમો, દંડ અને ડિટેઇન ની કાર્યવાહી કરાઈ હતી. ચૂંટણી ટાણે બેનંબરી વહીવટ ના રૂપિયા સહીત હવાલા ના ફંડિંગ અંગે સર્ચ કર્યું હતું.

ચૂંટણી કમિશન ઓફ ઇન્ડિયા દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરતાંની સાથે સમગ્ર રાજ્યમાં રાજકીય ગરમાવો આવી ગયો છે.દરેક જિલ્લામાં પણ વહીવટી તંત્ર ચૂંટણી પ્રક્રિયાની તડામાર તૈયારી માં લાગી ગઈ છે.ત્યારે અંકલેશ્વર પોલીસ પણ એકશનમાં આવી ને એલર્ટ બની છે. સાથે બહાર ના રાજ્યો અને વિવિધ શહેરોમાંથી આવતા વાહન ની તપાસ માટે સ્થાયી દેખરેખ ટીમની રચના કરવામાં આવી છે જે ટીમ દ્વારા રોકડા અને ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા કામગીરી કરી રહી છે. આ સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા આજ રોજ અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ખાસ વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. જેમાં રોકડા કે દારૂ સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા પ્રયાસ કર્યો હતો. આ વાહન ચેકિંગ ને પગલે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વો માં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ભરૂચ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે તારીખ પહેલી ડીસેમ્બરના રોજ મતદાન થવા જઇ રહયું છે. ચુંટણીની આચારસંહિતા લાગુ પડતાની સાથે વહીવટી અને પોલીસ તંત્ર એકશનમાં આવી ગયાં છે. ભરૂચ જિલ્લામાં વિવિધ સ્થળોએ ચેકપોસ્ટ બનાવીને વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. ચુંટણીમાં નાણા અને દારૂની રેલમછેલ રોકવા તંત્ર કવાયત કરી રહયું છે.



દરેક વાહનની પોલીસની ટીમો ઝીણવટભરી તપાસ કરી રહી છે.

**DATE: 06/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

દહેજની કંપનીના ક્વોલિટી ઇન્ચાર્જનું કારસ્તાન

# 4.12 લાખની ઉચાપત પર પડદો પાડવા લૂંટનું નાટક



[illegible]

## દેવું ઉતારવા કારસ્તાન રચ્યું હોવાની કેફિયત

[illegible]

## બી. એલ. પટેલને 9,300 કમિશન આપ્યું

[illegible]